# GK Samixa 1 થી 31 october 2017,સામાન્ય જ્ઞાન

## સમીક્ષા 62 (2) તારીખ 1/10/2017

**રાષ્ટ્રપતિ દ્વારા પાંચ રાજ્યોમાં નવા રાજ્યપાલની નિમણુક કરવામાં આવી...**

૧) હાલ દેશના રાષ્ટ્રપતિ દ્વારા પાંચ રાજ્યોમાં નવા રાજ્યપાલની નિમણુક કરવામાં આવી છે.

૨) પૂર્વ કેન્દ્રીય મંત્રી સત્યપાલ મલિક બિહારના નવા રાજ્યપાલ બન્યા છે.

૩) અસમના રાજ્યપાલ બનવારીલાલ પુરોહિત તમિલનાડુના નવા રાજ્યપાલ બનશે.

૪) અંદમાન નિકોબારના ઉપરાજ્યપાલ પ્રોફેસર જગદીશ મુખી અસમના રાજ્યપાલ બનશે.

૫) એડમિરલ દેવેન્દ્ર કુમાર જોશી અંદામાન નીકોબારના ઉપરાજ્યપાલના પદ પર બિરાજશે.

૬) ગંગા પ્રસાદને મેઘાલયના રાજ્યપાલના રૂપમાં નિયુક્ત કરવામાં આવશે.

૭) શ્રી બી.ડી. મિશ્રાને અરુણાચલ પ્રદેશના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરાશે.

## સમીક્ષા 63 (2) તારીખ 2/10/2017

**મધ્યપ્રદેશ રાજ્યને સર્વશ્રેષ્ઠ પર્યટન રાજ્યનો પુરસ્કાર પ્રાપ્ત થયો...**

૧) મધ્યપ્રદેશ રાજ્યને સતત ત્રીજીવાર સર્વશ્રેષ્ઠ પર્યટન રાજ્યનો પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

૨) રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવનમાં આયોજિત એક સમારોહમાં પર્યટન રાજ્ય મંત્રીને ‘હોલ ઓફ ફેમ’ પુરસ્કાર માટે નામાંકિત કરેલ.

૩) હાલ પર્યટન રાજ્ય મંત્રી તરીકેની જવાબદારી સુરેન્દ્ર પટવા બજાવી રહ્યા છે.

૪) વિશ્વ પર્યટન દિવસ 27 સપ્ટેમ્બરના અવસર પર આ કાર્યક્રમ યોજાયો હતો.

૫) આ કાર્યક્રમમાં મધ્યપ્રદેશ રાજયએ કુલ 10 પુરસ્કાર જીતેલા.

૬) મધ્યપ્રદેશ રાજ્યની સર્વશ્રેષ્ઠ ફિલ્મ સંવર્ધન મિત્ર રાજ્ય, રાજ્ય સંઘ ક્ષેત્રની શ્રેણીમાં ફિલ્મ પ્રમોશનની નીતિ માટે રાષ્ટ્રીય પુરસ્કાર મળેલ છે.

૭) હાલ શિવરાજ સિંહ ચૌહાણ મધ્યપ્રદેશ રાજ્યના મુખ્યમંત્રી છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

# GK Samixa 1 થી 31 october 2017,સામાન્ય જ્ઞાન

## સમીક્ષા 64 (2) તારીખ 3/10/17

**આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ 2 ઓકટોબર...**

૧) દર વર્ષે આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસને ભારતના રાષ્ટ્રપિતા એવા મહાત્મા ગાંધીની યાદમાં ઉજવવામાં આવે છે.

૨) 2 ઓકટોબર 1869 ના રોજ ગાંધીજીનો જન્મ થયો હતો.

૩) તેમનું નિવાસ સ્થાનનું સ્મારક ગુજરાતના પોરબંદર ખાતે સચવાયેલ છે, તે કીર્તિ મંદિર નામે ઓળખાય છે.

૪) 15 જુન 2007 ના રોજ સયુંકત રાષ્ટ્રના સંકલ્પને મહાસભા અનુસાર જેમના સ્મારકની સ્થાપના કરવામાં આવેલ.

૫) આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસના માધ્યમથી અહિંસાનો સંદેશ વિશ્વમાં ફેલાવવા માટે આ દિવસ ઉજવવામાં આવે છે.

૬) મહાત્મા ગાંધી સત્ય અને અહિંસા માટે જાણીતા બનેલા.

૭) તેમની આત્મકથાને સત્યના પ્રયોગો તેવું નામ આપવામાં આવેલ છે.

## સમીક્ષા 65 (2) તારીખ 4/10/2017

**મીનાક્ષી સુંદરેશ્વર મંદિરને ભારતમાં સ્વચ્છ આઇકોનિક પ્લેસ જાહેર કરવામાં આવ્યું...**

૧) આ મંદિરને દેશમાં સૌથી સ્વચ્છ આઈકોનિક પ્લેસ જાહેર કરવામાં આવેલ છે.

૨) મદુરાઈ જીલ્લાના જિલ્લાધીશ કે.વીરા રાઘવરાવ અને નિગમ આયુક્ત એસ.અનીશ શેખરને ઉમા ભારતી પેયજલ અને સ્વચ્છતા મંત્રી દ્વારા પુરસ્કાર પ્રદાન કરવામાં આવ્યા છે.

૩) આ મંદિરની સ્વચ્છતા માટે કુલ 63 જેટલા કોમ્પેક્ટ ડબ્બાઓ રાખવામાં આવ્યા છે.

૪) તેના કલેક્શન માટે ચાર કમ્પેકટર ટ્રક મંદિરની આસપાસ પરિસરમાં ચક્કર લગાવે છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૫) યાત્રીઓના ઉપયોગ માટે 25 ઈ–શૌચાલય કાર્યરત કરવામાં આવેલ છે.

૬) મંદિર પરિસરમાં 15 જેટલા વોટર એટીએમ મશીન મુકવામાં આવેલ છે.

૭) માર્ગને સાફ કરવા માટે બે સ્પેશીયલ સફાઈ કર્મચારી તથા બે બૈટરી સંચાલિત વાહન છે.

## સમીક્ષા 66 (2) તારીખ 5/10/17

**એસ.બી.આઈ.ના નવા અધ્યક્ષના રૂપમાં રજનીશ કુમાર નિયુક્ત...**

૧) સરકાર દ્વારા ત્રણ વર્ષ માટે ભારતીય સ્ટેટ બેંકના નવા ચેરમેન તરીકે રજનીશ કુમારને નિયુક્ત કરાયા છે.

૨) હવેથી તેઓ અરુંધતિ ભટ્ટાચાર્યનું સ્થાન ગ્રહણ કરશે.

૩) હાલમાં રજનીશ કુમાર એસ.બી.આઈ.ના પ્રબંધ નિર્દેશક તરીકેની કામગીરી સંભાળી રહ્યા છે.

૪) બેંક બોર્ડ બ્યુરો દ્વારા ગત જુન માસના અંતમાં આ પદ માટે ચાર પ્રબંધ નિર્દેશકો પ્રત્યે વિચાર કર્યો હતો.

૫) આ ચાર માંથી એક નામની સરકાર પાસે ભલામણ કરી હતી.

૬) સરકાર દ્વારા 7 ઓક્ટોબર 2016 ના રોજ અરુંધતિ ભટ્ટાચાર્યના કાર્યકાળને એક વર્ષ માટે વધાર્યો હતો.

૭) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનું વડુંમથક મુંબઈ ખાતે આવેલ છે.

## સમીક્ષા 67 (2) તા 6/10/17

**5 ઓક્ટોબરના રોજ વિશ્વ શિક્ષક દિવસ મનાવવામાં આવ્યો...**

૧) સયુંકત રાષ્ટ્રના ઉપક્રમે 5 ઓક્ટોબરને વિશ્વ શિક્ષક દિવસ મનાવવામાં આવે છે.

૨) આ દિવસની ઉજવણી સયુંકત રાષ્ટ્રના નેજા હેઠળ વર્ષ 1994 થી કરવામાં આવી રહી છે.

૩) આ દિવસને સયુંકત રાષ્ટ્ર દ્વારા વર્ષ 1966 માં યુનેસ્કો અને આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનની મળેલ બેઠકને યાદ રાખવા માટે મનાવવામાં આવે છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૪) આ બેઠકમાં અધ્યાપકની સ્થિતિ પર ચર્ચા કરવામાં આવી હતી,તથા તેના માટેના ઉકેલો રજુ કરવામાં આવ્યા હતા.

૫) વર્ષ 2017 ના વિશ્વ શિક્ષક દિવસનો વિષય રાખવામાં આવ્યો હતો, ટીચિંગ ઈન ફ્રીડમ,એમ્પાવરિંગ ટીચર્સ

૬) આ દિવસનું આયોજન સયુંકત રાષ્ટ્ર સંગઠન યુનેસ્કો દ્વારા આયોજિત કરવામાં આવે છે.

૭) યુનેસ્કો શિક્ષણ, વિજ્ઞાન, સંસ્કૃતિ અને સંચારમાં આંતરરાષ્ટ્રીય સહયોગના સમન્વય માટેની કામગીરી કરી રહેલ છે.

## સમીક્ષા 68 (2) તા 7/10/2017

**નવી દિલ્હીમાં પ્રથમ એશિયાઈ–ભારત સંગીત સમારોહની શરૂઆત થઇ...**

૧) પ્રથમ એશિયાઈ–ભારત સંગીત સમારોહ નો શુભારંભ નવી દિલ્હીના જુના કિલ્લામાં થયો છે.

૨) એશિયાઈ–ભારત વાર્તા સંબધોની 25 મી વર્ષગાંઠની ઉજવણી માટે સંસ્કૃતિ મંત્રાલયના સહકારથી ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા આ મહોત્સવનું આયોજન કરાયું છે.

૩) આ મહોત્સવ 6 થી 8 ઓક્ટોબર 2017 સુધી શરુ રહેશે.

૪) આ વર્ષને યાદ રાખાવા માટે તેનો વિષય રાખવામાં આવેલ છે, ‘શેર્ડ વેલ્યુ કોમન ડેસ્ટીની’.

૫) એસોસીએશન ઓફ સાઉથ–ઈસ્ટ એશિયન નેશન્સ એક પ્રાદેશિક અંતર સરકારી સંગઠન છે.

૬) આ સંગઠનમાં દસ દક્ષિણ–પૂર્વ એશિયાઈ દેશો સામેલ છે.,તેમના આ કાર્યક્રમમાં હર એક દિવસના કાર્યક્મની અલગ સુચિ આપવામાં આવી છે.

૭) દક્ષિણ એશિયાઈ દેશોના સંગઠનને જાળવી રાખવા માટે આ કાર્યક્રમ મહત્વની કડી સાબિત થશે.

## સમીક્ષા 69 (2) તારીખ 8/10/2017

**દેશના વડાપ્રધાનશ્રીએ દ્વારકામાં પુલનું ખાતમુહુર્ત કર્યું...**

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૧) પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ઓખા બેટ દ્વારકા વચ્ચે એક ચાર લેન કેબલ સાથે જોડાયેલ પુલનું ખાતમુહુર્ત કરેલ છે.

૨) આ પુલ જુના અને નવા દ્વારકાને જોડવાની કડી સાબિત થશે.

૩) આ પુલની લંબાઈ 2.32 કિલોમીટર છે, તેનું ખર્ચ 962.43 કરોડ રૂપિયા થશે.

૪) આ પુલમાં સેન્ટ્રલ ડબલ સ્પેન કેબલ–સ્ટે ભાગનો 900 મીટર હિસ્સો સામેલ છે.

૫) ચાર લેન 27.20 મીટર પહોળાઈનો બનશે.તેના દરેક ભાગ પર 2.50 મીટર પહોળો ફૂટપાથ હશે.

૬) ફૂટપાથની છત પર સૌર પેનલ લાગશે, જે સ્ટ્રીટ લાઈટ માટે વીજળીનું ઉત્પાદન કરશે.

૭) શ્રી વિજયભાઈ રૂપાણી ગુજરાતના વર્તમાન મુખ્યમંત્રી છે,જયારે નીતિનભાઈ પટેલ ઉપમુખ્યમંત્રી છે.

## સમીક્ષા 70 (2) તા 9/10/2017

### ઈસરો દ્વારા ગુવાહાટીમાં શોધ કેન્દ્ર ખોલવામાં આવશે...

૧) અસમના મુખ્યમંત્રી સર્બાનંદ સોનવાલે 5 ઓક્ટોબર 2017 ના રોજ જાહેરાત કરી છે કે ઈસરોનું સંશોધન કેન્દ્ર ગુવાહાટીમાં ખોલવામાં આવશે.

૨) ઈસરોના આ સેન્ટરથી ગ્લોબલ પોજીશનિંગ અને ભૌગોલિક ડેટા બનાવવામાં સાનુકુળતા રહેશે.

૩) આ કેન્દ્રથી અસમ રાજ્યનો વિકાસ કરવામાં પણ મદદ મળી રહેશે.

૪) આ શોધ કેન્દ્રનો ઉપયોગ રીમોટ સેન્સીંગ ટેકનોલોજીની મદદથી પુરની ચેતવણી આપી શકાશે.

૫) વળી અહીના વિસ્તારોમાં જમીનનું ક્ષરણ તથા ભૂસ્ખલન જેવી પ્રાકૃતિક આપદાઓ સામે જાણકારી મેળવી શકાશે.

www.edusafar.com

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૬) રાજ્યના મુખ્યમંત્રીએ ઈસરોના અધ્યક્ષ પાસે અંતરીક્ષ પ્રદ્યોગીકીને એક્ટ ઈસ્ટ પોલીસી સાથે સમન્વિત કરવાનો અનુરોધ કરેલ છે.

## સમીક્ષા 71 (2) તારીખ 10/10/2017

**દેશના વડાપ્રધાનશ્રીએ ઇન્ટેન્સીફાઈડ મિશન ઈન્દ્રધનુષ અભિયાનની શરૂઆત કરી...**

૧) 8 ઓક્ટોબર 2017 ના રોજ ગુજરાતના વડનગર ખાતે સઘન ટીકાકરણ અભિયાનનો શુભારંભ કરવામાં આવેલ છે.

૨) આ અભિયાન દેશના પ્રત્યેક બાળકનું ટીકાકરણ થાય તે ઉદેશ્ય સાથે શરુ કરવામાં આવેલ છે.

૩) સરકારનું લક્ષ્ય છે કે કોઈપણ બાળક ટીકાકરણથી રોકવા યોગ્ય કોઈપણ બીમારીથી પીડિત ન હોવું જોઈએ.

૪) આઈ.એમ.આઈ.અંતર્ગત સાત દિવસીય ટીકાકરણ અભિયાન વર્તમાનથી જાન્યુઆરી–2018 સુધી 173 જીલ્લાઓ અને 17 શહેરોમાં ચલાવવામાં આવશે.

૫) આ જિલ્લાઓમાં આઠ પૂર્વોતર રાજ્યના 52 જીલ્લાઓ અને અન્ય 16 રાજ્યોના 121 જીલ્લાઓ સામેલ કરવામાં આવ્યા છે.

૬) ભારતની ઉગતી પેઢીમાં રોગપ્રતિકારક શક્તિનો વિકાસ થાય તથા બાળકો ઉચ્ચતમ તંદુરસ્ત રહે તે માટેના પ્રયાસ કરવામાં આવેલ છે.

૭) દેશની જન શક્તિ વધારે સારું સ્વાસ્થ્ય મેળવી શકે તે માટેની પણ અપેક્ષા રાખવામાં આવી છે.

## સમીક્ષા 72 (2) તા 11/10/2017

**ઉપરાષ્ટ્રપતિ વૈંક્યા નાયડુએ ત્રીજા આંતરરાષ્ટ્રીય યોગ સંમેલનનો શુભારંભ કર્યો...**

૧) ઉપરાષ્ટ્રપતિ એમ.વૈંક્યા નાયડુએ 10 ઓકટોબર 2017 ના રોજ નવી દિલ્હીમાં ત્રીજા આંતરરાષ્ટ્રીય યોગ સંમેલનનો શુભારંભ કરેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૨) આ બે દિવસીય સંમેલનનો મુખ્ય વિષય રાખવામાં આવેલ હતો, 'સ્વસ્થ જીવન માટે યોગ.'

૩) સયુંકત રાષ્ટ્ર દ્વારા 21 જુનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર કરવાના ઉપલક્ષ્યમાં આયુષ મંત્રાલય આ સંમેલનનું આયોજન કરવામાં જઈ રહ્યું છે.

૪) હાલ આયુષ મંત્રાલયના સચિવ તરીકે સી.કે.મિશ્રા ફરજ બજાવી રહ્યા છે.

૫) આ કાર્યક્રમમાં આયુષ મંત્રાલયના વિશેષ સચિવ તરીકેની સેવા આપનાર વૈદ્ય રાજેશ કોટેચા પણ હાજર રહેલા.

૬) અન્ય આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલા યોગ ગુરુ પણ હાજર રહ્યા હતા.

૭) કેન્દ્રના સડક પરિવહન, અને રાજમાર્ગ,શીપીંગ તથા જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા સંરક્ષણ મંત્રી નીતિન ગડકરી સંમેલનના સમાપન સમારોહના મુખ્ય અતિથિ રહ્યા હતા.

## સમીક્ષા 73 (2) તા 12/10/2017

**11 ઓક્ટોબરને આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસના રૂપમાં મનાવવામાં આવ્યો...**

૧) વર્ષ 2012 થી સમગ્ર વિશ્વમાં આ દિવસ મનાવવામાં આવી રહ્યો છે.

૨) આ દિવસ ઉજવવાનો ઉદેશ્ય બાળકીઓના સશક્તિકરણ માટે અને તેના માનવાધિકાર માટેનો રાખવામાં આવ્યો છે.

૩) 19 ડીસેમ્બર 2011 ના રોજ સયુંકત રાષ્ટ્રની મહાસભાએ 11 ઓક્ટોબરને વિશ્વ બાલિકા દિન જાહેર કરેલ.

૪) આ વર્ષે ઉજવવામાં આવેલ આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસનો વિષય રાખવામાં આવ્યો હતો,કન્યા સશક્તિકરણ–સંકટ પહેલા સંકટ સમયે તથા સંકટ બાદ.

૫) પ્રથમવાર ઉજવવામાં આવેલ વિશ્વ બાલિકા દિવસનો વિષય રાખવામાં આવ્યો હતો, બાળ વિવાહની સમાપ્તિ.

૬) મહાસભાના પ્રસ્તાવ 66/170 ને પારિત કરી આ દિવસની મંજુરી અપાઈ હતી.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૭) દીકરીઓ પ્રત્યે સજાગતા અને જાગૃતિ માટે આ દિવસનું વિશેષ મહત્વ છે.

## સમીક્ષા 74 (2) તા 13/10/2017

**દેશના વડાપ્રધાનશ્રીએ ગ્રામ સંવાદ મોબાઈલ એપ્પ લોન્ચ કરી...**

૧) 11 ઓક્ટોબર 2017 ના રોજ નાનાજી દેશમુખની જયંતી અપર દેશના વડાપ્રધાનશ્રી દ્વારા આ એપ્પ લોન્ચ કરવામાં આવી છે.

૨) વડાપ્રધાનશ્રીએ દિલ્હીના પુસામાં આવેલ ઈન્ડિયન એગ્રીકલ્ચર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટના એક કાર્યક્રમમાં ગ્રામ સંવાદ મોબાઈલ એપ્પ તથા દિશા પોર્ટલને લોન્ચ કરેલ છે.

૩) આ પ્રસંગે દેશના વડાપ્રધાનશ્રીએ કહ્યું છે કે ગામના વિકાસ માટે કરવામાં આવનાર તમામ પહેલને સમય પર પૂર્ણ કરવાનો પ્રયાસ કરાશે.

૪) તેઓના કહેવા મુજબ વર્ષ 2022 સુધીમાં ગ્રામીણ વિકાસની ગતિ તેજ બનશે.

૫) દેશના પ્રધાનમંત્રીએ ગામોમાં કામ આવનાર કામ અને નવા આવિષ્કારોનો ઉલ્લેખ કરેલ છે.

૬) આ પ્રસંગે એક પ્રદર્શન પણ યોજવામાં આવેલ તેમાં ગામમાં ટેકનોલોજી વિષય પર આધારિત હતું.

૭) આ પ્રદર્શનમાં 100 થી વધારે યંત્ર પ્રદર્શિત કરવામાં આવ્યા હતા, જેનાથી ગ્રામ્ય જીવન બહેતર બનાવી શકાય.

## સમીક્ષા 75 (2) તા 14/10/2017

**ગુજરાત સરકારે ગારમેન્ટસ એન્ડ અપરેલ પોલીસી 2017 ની જાહેરાત કરી...**

૧) તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા ગારમેન્ટસ એન્ડ અપરેલ પોલીસી 2017 ની જાહેરાત કરવામાં આવી છે.

૨) ગુજરાતના વસ્ત્ર પરિધાન ક્ષેત્રમાં વધારે સારા અવસરો પ્રાપ્ત કરવા માટે આ પોલીસી આધારભૂત નીવડશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૩) આ સાથેના અપરેલ ઉદ્યોગના માધ્યમથી મહિલાઓ માટે પણ રોજગારીની તકો પુરતા પ્રમાણમાં ખુલશે.

૪) આ પોલીસી ગુજરાતના ટેકસટાઈલ ક્ષેત્રને સૌથી આગળ વધારવા માટે તૈયાર કરવામાં આવી છે.

૫) કાપડનો કાચોમાલ કપાસ ગુજરાતમાં સૌથી વધારે પેદા થતો હોવાથી મજુરીમાં સબસીડી પ્રદાન કરીને રાજ્ય સરકાર રોજગારી વધે તેવા પ્રયાસ કરશે.

૬) આ ઉપરાંત ટેકસટાઈલના માલિકોને પ્રોત્સાહન આપીને પણ ઘટતું કરવાના પ્રયાસો કરશે.

૭) આ નીતિમાં મહિલા કર્મચારીઓ માટે 4000 રૂ. સબસીડી જયારે પુરુષોને 3500 રૂ.સબસીડી પ્રદાન કરાશે.

## સમીક્ષા 76 (2) તા 15/10/2017

**મહાત્મા ગાંધીની 150 મી વર્ષગાંઠ 2 ઓક્ટોબર 2019 થી 2 ઓક્ટોબર 2020 સુધી મનાવવામાં આવશે...**

૧) કેન્દ્ર સરકાર દ્વારા 2 ઓકટોબર 2019 થી 2020 સુધી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 150 મી જન્મ જયંતિ મનાવવાની જાહેરાત કરવામાં આવી છે.

૨) કેન્દ્ર સરકારે મહાત્મા ગાંધીના સંદેશનો પ્રસાર કરવા માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર પર કાર્યક્રમ આયોજિત કરવામાં આવશે.

૩) આ ઉજવણી માટે દેશના વડાપ્રધાનના નેતૃત્વ નીચે એક સમિતિનું આયોજન કરવામાં આવશે.

૪) આ સમિતિ માં દેશના રાજ્યોના મુખ્યમંત્રીઓ,રાજનીતિક પ્રતિનિધિઓ અને ગાંધી વિચારકો સામેલ થશે.

૫) સંપૂર્ણ કાર્યક્રમ માટેની રૂપરેખા અગાઉથી નક્કી કરી લેવામાં આવશે.

૬) મહાત્મા ગાંધીના સ્મારક સ્થળો પર વિશેષ રૂપથી ઉજાણી માટેની વ્યવસ્થા કરવામાં આવશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૭) પોરબંદરના કીર્તિ મંદિર, રાજકોટનું ગાંધી મ્યુઝીયમ તથા દાંડી સ્મારકને પણ વિશેષ ઉજાણીમાં જોડવામાં આવશે.

## સમીક્ષા 77 (2) તા 16/10/2017

**ચેન્નાઈમાં ઈન્ડિયા –ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટીવલ યોજાયો...**

૧) ચેન્નાઈમાં અન્ના વિશ્વવિદ્યાલયના પરિસરમાં ઈન્ડિયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટીવલ 2017 નું આયોજિન થયેલ.

૨) આ બે દિવસમાં સૌથી મોટા જીવ વિજ્ઞાનના પાઠ માટે એક નવો ગીનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવવામાં આવેલ છે.

૩) અહી 1049 વિદ્યાર્થીઓએ આ સત્રમાં ભાગ લીધો હતો.

૪) ભારતીય આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન સમારોહનું ઉદ્દ્ઘાટન ડો.હર્ષવર્ધન દ્વારા કરવામાં આવેલ.

૫) ડો.હર્ષવર્ધનના જણાવ્યા પ્રમાણે વિજ્ઞાનના વ્યાપને વધારવા માટે દેશની સરકારે ઘણા પ્રયાસો કરેલા છે, તેના અનુસંધાને આ કાર્યક્રમ છે.

૬) પ્રથમ આઈ.આઈ.એસ.એફ.ની શરૂઆત વર્ષ 2015 માં ભારતીય પ્રદ્યોગીકી સંસ્થાન (આઈ.આઈ.ટી.)માં આયોજિત કરાયેલ.

૭) વાઈ સુઝાના ચૌધરી વિજ્ઞાન અને પ્રદ્યોગીકી અને પૃથ્વી વિજ્ઞાનના રાજ્યમંત્રી છે.

## સમીક્ષા 78 (2) તા 17/10/2017

**બીજો આયુર્વેદ દિવસ મનાવાયો...**

૧) 17 ઓક્ટોબર 2017 ના રોજ બીજો આયુર્વેદ દિવસ મનાવવામાં આવ્યો.

૨) આ સમારોહ નવી દિલ્હીમાં આયોજિત કરવામાં આવ્યો હતો.

૩) સમારોહના મુખ્ય અતિથિ વિશેષ તરીકે દેશના વડાપ્રધાનશ્રી હાજર રહ્યા હતા.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૪) દેશનું પ્રથમ અખિલ ભારતીય આર્યુવેદ સરિતા વિહાર નવી દિલ્હીમાં તેનું ઉદ્ઘાટન કરવામાં આવેલ છે.

૫) ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ આયુર્વેદ 157 કરોડ રૂપિયાના બજેટમાં 10,15 એકરમાં સ્થાપિત કરાયું છે.

૬) આયુષ મંત્રાલય અંતર્ગત તે પ્રથમ ચિકિત્સા સેન્ટર છે, જે હોસ્પિટલ અને સ્વાસ્થ્ય સેવા પ્રદાતા રાષ્ટ્રીય પ્રત્યાયન બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત છે.

૭) હાલમાં શ્રીપાદ યાસો નાઈક આયુષ મંત્રાલયના મંત્રી છે.

**સમીક્ષા 79 (2) તા 18/10/2017**

**ગુજરાતમાં તૈયાર થયેલ નર્મદા ડેમને વિધિવત રીતે રાષ્ટ્રને સમર્પિત કરાયો...**

૧) દેશના વડાપ્રધાનના જન્મ દિવસે સરદાર સરોવર ડેમ રાષ્ટ્રને અર્પણ કરવામાં આવેલ છે.

૨) આ ડેમની સાઈટ પર સરદાર પટેલની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

૩) આ સ્ટેચ્યુ વિશ્વનું સૌથી ઊંચું 182 મીટર જેટલી ઉંચાઈ વાળું બનનાર છે.

૪) નર્મદા ડેમ 1.2 કિલોમીટર લાંબો અને 163 મીટર ઊંડો છે.

૫) નર્મદા ડેમ અમેરિકાના ગ્રાન્ડ કોલી ડેમ પછી વિશ્વનો બીજા નંબરનો મોટો કોંક્રીટ ડેમ છે.

૬) નર્મદા ડેમનું ખાત મુહુર્ત દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુના હસ્તે થયેલ.

૭) હાલ આ ડેમ 138.64 મીટર ઊંચાઈ ધરાવે છે, આ પ્રોજેક્ટ પાછળ કુલ 54,700 કરોડ રૂપિયા ખર્ચાશે.

**સમીક્ષા 80 (2) તા 19/10/2017**

**ભારતીય શાંતિરક્ષકોને સુદાનમાં યુ.એન.મેડલથી સન્માનિત કરવામાં આવ્યા...**

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

# GK Samixa 1 થી 31 october 2017,સામાન્ય જ્ઞાન

૧) દક્ષિણ સુદાનમાં ભારતીય શાંતિ રક્ષકોને શાંતિ કાયમ રાખવા માટે તેઓને સયુંકત રાષ્ટ્ર પદકથી સન્માનિત કરવામાં આવ્યા છે.

૨) દક્ષિણ સુદાનમાં તૈનાત રહેલા ૫૦ ભારતીય શાંતિ રક્ષકોને સંઘર્ષથી પ્રભાવિત દેશમાં સ્થાયી શાંતિના પ્રયાસો માટે તેઓને સન્માનિત કરવામાં આવ્યા છે.

૩) ભારતીય શાંતિ રક્ષકો દક્ષિણ સુદાનમાં સયુંકત રાષ્ટ્ર મિશનના એક ભાગ છે.

૪) દક્ષિણ સુદાનમાં જોંગલેઈ ક્ષેત્રમાં બોરમાં ભારતીય બટાલીયન તૈનાત રહે છે.

૫) આ સૈન્યને યુ.એન.એમ.આઈ.એસ.એસ. દળ કમાન્ડર જનરલ ફ્રેંક મુશ્યો કમાંન્જી દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા છે.

૬) તે સૈન્ય દ્વારા આ ક્ષેત્રના ૨૫૦૦ નાગરિકોને સુરક્ષિત વાતાવરણ પૂરું પડાયેલ છે.

૭) આ લોકો દ્વારા બોરમાં સયુંકત રાષ્ટ્ર અસૈન્ય સંરક્ષણ સ્થળમાં આશરો માંગ્યો હતો.

**સમીક્ષા 81 (2) તા 20/10/2017**

**કવિતા દેવી ડબલ્યુ.ડબલ્યુ.ઈ.માં પસંદ થનાર પ્રથમ ભારતીય મહિલા પહેલવાન...**

૧) પૂર્વ પ્રતિસ્પર્ધી પાવરલિફ્ટર વર્લ્ડ રેસલિંગ એન્ટરટેનમેન્ટ દ્વારા પસંદ થનાર પ્રથમ ભારતીય મહિલા બન્યા છે.

૨) વર્તમાનમાં ડબલ્યુ.ડબલ્યુ.ઈ. માં ચેમ્પિયન બનનાર જીન્દર મહલ દ્વારા આ સમાચાર આપવામાં આવ્યા છે.

૩) હરિયાણાના હોવાને કારણે કવિતાજીએ પંજાબના રેસલિંગ પ્રમોશન એન્ડ ટ્રેનીંગ એકડેમીમાં ધ ગ્રેટ ખલી (દિલીપ સિંહ રાણા)નું માર્ગદર્શન મેળવેલ.

૪) તેણીએ વર્ષ ૨૦૧૬ માં દક્ષીણ એશિયાઈ રમતોમાં સુવર્ણપદક મેળવેલ.

૫) તેણીને ડબલ્યુ.ડબલ્યુ.ઈ. મુકાબલામાં પ્રવેશવાનું ગૌરવ પ્રાપ્ત થયેલ છે.

૬) તેણી યંગ ક્લાસિક મહિલા ટુર્નામેન્ટમાં એક વિશેષ સહભાગી હતા.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

## સમીક્ષા 82 (2) તા 21/10/2017

**ભારત,રશિયા પ્રથમવાર ત્રિકોણીય સેવાઓમાં સૈન્ય અભ્યાસમાં ભાગ લેશે...**

૧) ભારત અને રશિયા પ્રથમવાર સશસ્ત્ર બળો વચ્ચે પ્રથમવાર ટ્રાઈ સર્વિસ જોઈન્ટ એકસરસાઈઝ ઈન્દ્રા–૨૦૧૭ સૈન્ય અભ્યાસમાં ભાગ લેશે.

૨) આ અભ્યાસ રશિયાના વ્લાદીવોસ્તક માં આયોજિત કરાશે.

૩) ભારતના બે સ્વદેશ નિર્મિત જહાજ આઈ.એન.એસ. સતપુરા અને આઈ.એન.એસ.કદમત આ અભ્યાસમાં ભાગ લેવા જશે.

૪) ત્યાં આ જહાજનું ઔપચારિક પારંપરિક સ્વાગત કરવામાં આવેલ.

૫) આ અભ્યાસ માટે ભારતીય દળના નેતૃત્વ ટાસ્ક ફોર્સ કમાન્ડર મેજર જનરલ એન.ડી.પ્રસાદે કરેલ.

૬) તેમના દ્વારા છેલ્લા નવ સંસ્કરણોમાં અભ્યાસ ઈન્દ્રાને એક જ સેવા અભ્યાસના રૂપમાં બે દેશો વચ્ચે વૈકલ્પિક રૂપથી આયોજિત કરાયેલ.

## સમીક્ષા 83 (2) તા 22/10/2017

**સોલીસીટર જનરલ રણજીત કુમારનું રાજીનામું...**

૧) કેન્દ્ર સરકાર દ્વારા વિસ્તાર પ્રદાન કર્યાના થોડા મહિના બાદ સરકારે બીજા સૌથી મોટા રેન્કિંગ  લો ઓફિસર ભારતના સોલીસીટર જનરલ રણજીત કુમારે તત્કાલ પ્રભાવથી રાજીનામું આપી દીધેલ છે.

૨) શ્રી કુમાર વર્ષ ૨૦૧૪ થી આ પદ પર બિરાજિત હતા.

૩) તેમના દ્વારા રાજીનામું આપવાનું કારણ તેણે વ્યક્તિગત બતાવ્યું હતું.

૪) સોલીસીટર જનરલના રૂપમાં ત્રણ વર્ષના કાર્યકાળમાં ૬ જુન ૨૦૧૭ ના રોજ તેની અવધી પૂર્ણ થયેલ.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી  એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૫) પરંતુ સરકારના આદેશથી વિશેષ રૂપે તેમનો કાર્યકાળ વધારવામાં આવ્યો હતો.

૬) ભારતના સોલીસીટર જનરલના રૂપમાં તેઓએ ખુબ સારી કામગીરી બજાવેલ છે.

**સમીક્ષા 84 (2) તારીખ 23/10/2017**

**દેશના પ્રધાનમંત્રી દ્વારા ઘોઘા–દહેજ વચ્ચે રોલ ઓન રોલ ઓફ નૌકા સેવાના પ્રથમ ચરણનો શુભારંભ કરાયો...**

૧) ૨૨ ઓક્ટોબર ૨૦૧૭ ના રોજ ગુજરાતના ભાવનગર જીલ્લામાં ઘોઘા અને ભરૂચ વચ્ચે ૬૧૫ કરોડ રૂપિયાના ખર્ચે આ પ્રોજેક્ટ શરુ કરવામાં આવેલ છે.

૨) દેશના વડાપ્રધાનશ્રીએ આ નૌકા સેવા પ્રોજેક્ટને પોતાનો ડ્રીમ પ્રોજેક્ટ કહ્યો હતો.

૩) સડકમાર્ગથી ભાવનગર અને વડોદરા શહેરો વચ્ચે ૩૧૦ કિલોમીટરનું અંતર છે.

૪) આ નૌકા પ્રોજેક્ટથી બંને વચ્ચે આ અંતર માત્ર ૩૦ કિમી થઇ જશે.

૫) આ પ્રોજેક્ટથી પ્રધાનમંત્રી દહેજથી વડોદરા માટે રવાના થશે, ત્યાં ૧૧૪૦ કરોડ રૂપિયાની પતીયોજનાઓનું ઉદ્ઘાટન કરશે.

૬) રો–રો પરિયોજના પર કાર્ય કરી રહેલા ગુજરાત સમુદ્રી બોર્ડના મુખ્ય કાર્યકારી અધિકારી અજય ભાદુ છે.

૭) આ પરિયોજનાના બીજા ચરણમાંબંને શહેરોની યાત્રા કારથી પણ કરી શકાશે.

**સમીક્ષા 85 (2) તા 24/10/2017**

**આઈ.પી. પી.બી. ના એમ.ડી.અને સીઈઓ તરીકે સુરેશ સેઠી નિયુક્ત થયા...**

૧) આઈ.પી. પી.બી. નું પુરુનામ ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક થાય છે.

૨) હાલ આ બેંકના સીઈઓ અને એમ.ડી તરીકે સુરેશ સેઠીની નિયુક્તિ કરવામાં આવી છે.

૩) શ્રી સેઠી વોડાફોન એમ.–પૈસા લીમીટેડના પૂર્વ પ્રબંધક નિર્દેશક હતા.

૪) શ્રી સેઠી,શ્રી એ.પી.સિંહના ગતિશીલ નેતૃત્વના સ્થાન પદને સંભાળશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૫) શ્રી એ.પી.સિંહ જાન્યુઆરી ૨૦૧૭ થી આઈ.પી.પી.બી. ના પ્રબંધક નિર્દેશક તથા સીઈઓ હતા.

૬) આઈ.પી. પી.બી.ની ટેગ લાઈન 'આપકા બેંક' છે.

૭) ઈન્ડિયન પોસ્ટ પેમેન્ટ બેંકનું વડુંમથક નવી દિલ્હી ખાતે આવેલ છે.

**સમીક્ષા 86 (2) તા 25/10/2017**

**કેન્દ્ર સરકારે સાત લાખ કરોડ રૂપિયાના હાઈ–વે પ્રોજેક્ટને મંજુરી આપી...**

૧) કેન્દ્રીય મંત્રી મંડળે વર્ષ ૨૦૨૨ સુધીમાં ૬.૯ લાખ કરોડ રૂપિયાના રોકાણ દ્વારા લગભગ ૮૩,૦૦૦ કિલોમીટર સડક વિકસિત કરવાની અને તેનો વિસ્તાર કરવાની સૌથી મોટી પરિયોજનાને મંજુરી આપી દીધેલ છે.

૨) આ પરિયોજનામાં ૨૮,૪૦૦ કિલોમીટરના ભારતમાલા રાજમાર્ગ કાર્યક્રમ સામેલ છે.

૩) આ પરિયોજનાથી બોર્ડર એરિયા ઈન્ટરનેશનલ પોર્ટ પોર્ટ અને કિનારાના ક્ષેત્રોની કનેક્ટિવિટીમાં સુધાર થશે.

૪) ભારતમાલા પરિયોજના કેન્દ્ર સરકારનો મેગા પ્લાન છે.

૫) આ યોજનાથી દેશમાં બહેતર કનેક્ટિવિટી તૈયાર કરી શકાશે.

૬) નેશનલ હાઈ–વે ડેવલપમેન્ટ પ્રોજેક્ટ બાદ દેશનો બીજા નંબરનો સૌથી મોટો હાઈ–વે પ્રોજેક્ટ છે.

૭) આ પ્રોજેક્ટથી દેશની રોડ કનેક્ટિવિટીમાં વધારે સુધારો આવશે.

**સમીક્ષા 57 (2) તા 26/8/2017**

**સિંગાપુરનો પાસપોર્ટ સૌથી તાકાતવર સાબિત ...**

૧) સલાહકાર ફર્મ ઓટોન કેપિટલ દ્વારા વિકસિત પાસપોર્ટ સૂચકાંકમાં સિંગાપુર દેશનો પાસપોર્ટ ૧૫૯ વિઝા મુક્ત અંકો સાથે વિશ્વનો સૌથી શક્તિશાળી પાસપોર્ટ બનેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૨) એશિયાઈ દેશનો પાસપોર્ટ સૌથી શક્તિશાળી સાબિત થયો હોય તેવું પ્રથમવાર સાબિત થયેલ છે.

૩) આ સર્વેમાં ભારતે ૫૧ વિઝા મુક્ત અંકો સાથે ૭૫ મુ સ્થાન હાંસલ કરેલ છે.

૪) ઐતિહસિક રૂપથી વિશ્વના ૧૦ સૌથી શક્તિશાળી પાસપોર્ટ મોટેભાગે યુરોપ ક્ષેત્રના હતા.

૫) છેલ્લા બે વર્ષ જર્મની સૌથી મોખરાના સ્થાને રહેલ.જે રેકોર્ડ આ વર્ષે તૂટેલ છે.

૬) અફઘાનિસ્તાન ૨૨ અંકો સાથે સૌથી નીચા ૯૪ માં સ્થાન પર છે.

૭) આ વર્ષે જર્મની ૧૫૮ અંકો સાથે બીજા સ્થાને રહેવા પામેલ છે, જયારે પાકિસ્તાન ૨૬ અંકો સાથે ૯૩ માં સ્થાને છે.

**સમીક્ષા 88 (1) તા 27/10/2017**

**નવી દિલ્હીમાં ત્રીજા ગ્લોબલ ઇન્વેસ્ટર્સ ઈન્ડિયા ફોરમનું આયોજન કરવામાં આવ્યું...**

૧) વીજળી અને નવીનીકરણ ઉર્જાના કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી આર.કે. સિંહે આ સંમેલનને સંબોધિત કરેલ.

૨) આ સંમેલનનો વિષય રાખવામાં આવ્યો હતો, આઈડિયાટેટ,ઇનોવેટ,ઈમ્પ્લેમેન્ટ એન્ડ ઈન્વેસ્ટર્સ ઈન ઈન્ડિયા.

૩) આ વૈશ્વિક સંમેલનમાં વિશ્વના ઉદ્યોગપતિઓએ ભાગ લીધો હતો.

૪) આ કાર્યક્રમમાં મુખ્ય ધ્યાન વીજળીના ઉત્પાદન પર આપવામાં આવેલ.

૫) સમગ્ર આયોજન એસોચેમ દ્વારા કરવામાં આવેલ.

૬) ASSOCCHAM નું પુરુનામ એસોસીએટેડ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ઓફ ઈન્ડિયા થાય છે.

**સમીક્ષા 59 (1) તારીખ 28/9/2017**

**૨૭ ઓકટોબર ના રોજ વિશ્વ દ્રશ્ય-શ્રાવ્ય દિવસ મનાવવામાં આવ્યો...**

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

# GK Samixa 1 થી 31 october 2017,સામાન્ય જ્ઞાન

૧) દર વર્ષે ૨૭ ઓક્ટોબરના રોજ વિશ્વ–શ્રાવ્ય દિવસ મનાવવામાં આવે છે.

૨) આ દિવસનું આયોજન ડબલ્યુ.ડી.એ.એચ.દ્વારા કરવામાં આવે છે.

૩) આ વર્ષે મનાવવામાં આવેલ વિશ્વ દ્રશ્ય–શ્રાવ્ય દિવસનો વિષય રાખવામાં આવ્યો હતો, ડિસ્કવર, રીમેમ્બર એન્ડ શેયર.

૪) યુનેસ્કોની મહાસભાએ વર્ષ ૨૦૦૫ માં વિશ્વ દ્રશ્ય–શ્રાવ્ય વિરાસતની રક્ષા માટે તથા તેમની રાષ્ટ્રીય ઓળખ માટે ધ્યાન આકર્ષિત કરેલ.

૫) યુનેસ્કો દ્વારા વિશ્વ દ્રશ્ય–શ્રાવ્ય દિવસ માટેની ગંભીરતા ૨૭ ઓક્ટોબરના રોજ ૨૦૦૫ માં ધ્યાને લેવામાં આવેલ.

૬) હાલ યુનેસ્કોના મહાનિર્દેશક તરીકે ઈરીના બોકોવા સેવા આપી રહ્યા છે.

## સમીક્ષા 90 (1) તા 29/10/2017

**આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીને ગોલ્ડન પીકોક એવોર્ડ એનાયત કરવામાં આવ્યો...**

૧) આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન.ચંદ્ર બાબુ નાયડુને હાલમાં ગોલ્ડન પીકોક એવોર્ડ આપવામાં આવેલ છે.

૨) લંડનમાં આયોજિત ૧૭ મો ગ્લોબલ કન્વેન્શન સમારોહમાં આ એવોર્ડ એનાયત કરવામાં આવેલ.

૩) આ એવોર્ડ એન.ચંદ્રબાબુ નાયડુને લોકસેવા અને આર્થિક પરિવર્તનમાં વૈશ્વિક નેતૃત્વ માટેની શ્રેણીમાં સન્માનિત કરવામાં આવેલ.

૪) શ્રી નાયડુને સાર્વજનિક સેવામાં પોતાની ઉત્કૃષ્ઠતા માટે આ પુરસ્કાર પ્રદાન કરવામાં આવેલ.

૫) વર્ષ ૨૦૧૭–૧૮ માં પ્રથમ તબક્કામાં વધારે વિકાસ દર હાંસલ કરવામાં સફળ આ રાજ્ય સફળ રહેલ છે.

૬) ગોલ્ડન પીકોક પુરસ્કારથી સ્થાપના વર્ષ ૧૯૯૧ માં કરવામાં આવેલ.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

# GK Samixa 1 થી 31 october 2017,સામાન્ય જ્ઞાન

## સમીક્ષા 61 (1) તા 30/9/2017

**ભારત અને ફ્રાંસ વચ્ચે દ્વિપક્ષીય રક્ષા સહયોગને મજબુત બનાવવા માટે સહમતી સાધવામાં આવી...**

૧) ભારત અને ફ્રાંસ બંને દેશો વચ્ચે સામુહિક ભાગીદારીના મહત્વપૂર્ણ તબક્કાના રૂપમાં દ્વિપક્ષીય સહયોગ મજબુત બનાવવા માટે આ સમજુતી સાધવામાં આવી છે.

૨) ભારતના રક્ષા મંત્રી નિર્મલા સીતારામન અને સશસ્ત્ર દળોના ફ્રેંચ મંત્રી સુશ્રી ફ્લોરેન્સ પાર્લીએ સેનાના સૈન્ય સંબંધોના વિસ્તાર માટે કેટલાક ઉપાયો પર ચર્ચા કરવામાં આવી છે.

૩) બંને દેશો વચ્ચે વર્ષ ૨૦૧૮ ના આરંભમાં વરુણ સૈન્ય અભ્યાસ આયોજિત કરવામાં આવશે.

૪) બંને મંત્રીઓએ રક્ષા ઉપકારણો અને ઉદ્યોગ સહયોગમાં વ્યાપક રૂપે સમીક્ષા કરેલ.

૫) આ સંબંધે ફ્રાંસ દેશ પ્રમુખ  ભાગીદાર દેશ તરીકે ભારતની પડખે રહેશે.

૬) પેરિસ ફ્રાંસ દેશની રાજધાની છે, જયારે ઈમાનુલ મૈક્રોન ફ્રાન્સના રાષ્ટ્રપતિ છે.

૭) આ અભ્યાસથી ભારત અને ફ્રાંસ દેશોના સંબંધોમાં વધારે મજબૂતી આવશે.

## સમીક્ષા 62 (1) તા 31/9/2017

**વાઈસ એડમિરલ અજીત કુમારે નૌસેના સ્ટાફના ઉપ પ્રમુખના રૂપમાં પદભાર ગ્રહણ કર્યો...**

૧) વાઈસ એડમિરલ અજીત કુમાર પી.એ.વી.એસ.એમ.,વી.એસ.એમ.એ વાઈસ એડમિરલ કરમબીર સિંહ એ.વી.એસ.એમ.ના સ્થાન પર નૌસેના સ્ટાફના ઉપ પ્રમુખ તરીકે બિરાજ્યા છે.

૨) દિલ્હીમાં આયોજિત એક ઔપચારિક સમારોહમાં તેમને કાર્યભાર સોંપાયો હતો.

૩) અજીત કુમાર એ.વી.એસ.એમ.,વી.એસ.એમ. રાષ્ટ્રીય રક્ષા અકાદમીના પૂર્વ વિદ્યાર્થી છે.

૪) તેઓને ૧ જુલાઈ ૧૯૮૧ માં ભારતીય નૌસેનામાં નિયુક્ત કરવામાં આવ્યા હતા.

૫) તેઓ મિસાઈલ તથા ગોલન્દાજીના વિશેષજ્ઞ છે.

૬) સુનીલ લાંબા ભારતીય નૌસેના ના નૌસેના સ્ટાફના વર્તમાન પ્રમુખ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી  એપ્સ ડાઉનલોડ કરો**

GK Samixa 1 થી 31 october 2017,સામાન્ય જ્ઞાન

– પરેશ ચાવડા

www.edusafar.com

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો